**Gujarat Samachar Pg 8, 16th April 2022**

# કોરિયાના હેકર્સ ક્રીપ્ટો ઉદ્યોગમાં હેકિંગ કરે એવું જોખમ : જોકે આઈસી-૧૫ ઈન્ડેક્સ ઉંચકાયો

મુંબઈ, તા. ૧૫

બિટકોઈનમાં તાજેતરમાં ભાવ ઘટ્યા છે, પરંતુ તેનો વધુ પ્રમાણમાં સંગ્રહ થઈ રહ્યો હોવાનું વલણ હાલ દેખાઈ રહ્યું છે. ક્રીપ્ટોકરન્સી માર્કેટના ડેટાના વિશ્લેષકોએ જણાવ્યા મુજબ છેલ્લા થોડા દિવસોમાં ૨૬,૦૦૦ બિટકોઈન ક્રીપ્ટો એક્સચેન્જોમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. ગત પાંચ સપ્તાહના આંકડાઓને જોતાં આ સૌથી વધુ પ્રમાણ છે, જેમાં બિટકોઈન પ્રાઈવેટ વોલેટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. દરમિયાન, ડિફાયન્સ કેપિટલના સ્થાપક આર્થર ચેઓંગે ચેતવણી આપી છે કે ઉત્તર કોરિયાના હેકર્સ અગ્રણી ક્રીપ્ટો સંસ્થાઓને હેક કરે એવું જોખમ છે. ગુરુવારે અમેરિકન સરકારે કન્ફર્મ કર્યુ છે કે ગયા મહિને રોનિન નેટવર્કમાં ૫૫૦ મિલ્યન ડોલર મૂલ્યનું જે હેકિંગ થયું તેની પાછળ ઉત્તર કોરિયાનો જ હાથ છે. ઉત્તર કોરિયાના સરકારનું સમર્થન ધરાવતા હેકર્સ ક્રીપ્ટો ઉદ્યોગમાં ઠેરઠેર ઘૂસી ગયા છે. તેઓ યુઝર્સનાં નાણાં ચોરી કરવા માટેના અનેક પેંતરા જાણે છે.

પાછલા ચોવીસ કલાકમાં ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં સાધારણ સુધારો થયો છે અને માર્કેટ કેપિટલાઈઝેશન ૦.૦૮ ટકા વધ્યું છે. બિટકોઈન ૦.૯૬ ટકા વધીને ૪૦,૪૯૩ ડોલર થયો છે. એ જ રીતે ઈથેરિયમમાં ૦.૪૦ ટકાનો વધારો થઈને ભાવ ૩,૦૩૫ ડોલર પર પહોંચ્યો છે. અગ્રણી ક્રીપ્ટોકરન્સીમાંથી એક્સઆરપી ૮ ટકા, સોલાના ૧ ટકો, કાર્ડાનો ૧.૮૯ ટકા, ડોઝકોઈન ૫.૨૮ ટકા અને પોલકાડોટ ૨.૭૩ ટકા વધી ગયા છે. ઘટેલા કોઈનમાં ટેરાલ્યુના ૧.૭૯ ટકા, અવાલાંશ ૦.૩૨ ટકાનો સમાવેશ થાય છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ શુક્રવારે રાતે ૭૭૭ પોઈન્ટ સુધરીને ૬૦,૪૦૫ પોઈન્ટ ચાલી રહ્યો હતો.